ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

પવિત્ર નાતાલ પર્વની ઉજવણીથી શહેરમાં અનોખી રોનક નિખરી

રોશનીથી સુશોભિત ચર્ચમાં ખાસ પ્રાર્થના યોજાઈ

ખ્રિસ્તી ભાઈ બહેનોએ મેરી ક્રિસમસની શુભેચ્છા પાઠવી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરમાં ક્રિસમસની ઉજવણીનો રંગ અનોખો જોવા મળ્યો હતો. શહેરના ચર્ચને રોશનીથી સજાવી દેવાયા હતા. ઈસુ-ખ્રિસ્તની યાદમાં ઉજવાતા પર્વ દરમિયાન સેકટરોમાં સ્થિત ચર્ચમાં ખ્રસ્તિ ભાઈ-બહેનોએ પ્રાર્થના કરી એકમેકને 'મેરી ક્રિસમસ'ની શુભેચ્છા પાઠવી હતી.

ઈસુ-ખ્રિસ્તના જન્મદિવસ નિમિત્તે ઉજવાતા નાતાલ પર્વ દરમિયાન શહેરમાં અનોખો ઉત્સાહ અને રોનક જોવા મળી હતી. ન્યૂ યરના વેલકમ પૂર્વે આજે ક્રિસમસના રોજ ખ્રિસ્તી ભાઈ-બહેનો દ્વારા ચર્ચમાં ખાસ પ્રાર્થના યોજવામાં આવી હતી. સે-૩, સે-૮, સે-૨૧, સે-૨૯ અને સે-૨૩ સ્થિત ચર્ચને રંગબેરંગી રોશનીથી સુશોભિત કરવામાં આવ્યા હતા. ચર્ચમાં સવાર-સાંજની વિશેષ પ્રાર્થનાના અંતે એકબીજાને નાતાલ પર્વની શુભેચ્છા પાઠવી ખ્રિસ્તીઓએ મીઠાઈ અને ચોકલેટથી મોં મીઠા કરાવી 'મેરી ક્રિસમસ' કર્યા હતા. નાતાલના પર્વને લઈ બજારમાં પણ ફલાવર્સ, ચોકલેટસ અને બેકરી આઈટમ્સનું વેચાણ વિશેષ રહ્યું હતું. સે-૧૬ અને સે-૧૧માં શાન્તા કલોઝને જોવા ભૂલકાઓની ભીડ જામી હતી. ક્રિસમસની સાથે ખ્રિસ્તી ભાઈબહેનો નવા વર્ષની ઉજવણીની તૈયારીમાં પણ વ્યસ્ત જોવા મળ્યા હતા. ખ્રિસ્તી બંધુઓ સાથે અન્ય વર્ગના લોકો પણ ક્રિસમસ સેલીબ્રેશન માટે ઉત્સુક હોવાથી નાતાલ પર્વની રોનક વધુ નિખરી હતી.

ગાંધીનગર પુનઃ ઠંડીના સકંજામાં : પારો ૧૧.૨

લઘુત્તમ તાપમાન પુનઃ ત્રણ ડિગ્રી જેટલું ઘટી ૧૧.૨ ડિગ્રી સુધી પહોંચી જતાં વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાયા

ગાંધીનગર,તા.૨૫

ઉત્તર ભારતમાંપડી રહેલી કાતિલ ઠંડીની સીધી અસર ગાંધીનગર અને ગુજરાત પર થઈ રહી છે. કાતિલ ઠંડીના મોજામાં ગાંધીનગર પણ ઠુઠવાયું છે. ગઈ રાત્રે લઘુત્તમ તાપમાન ૧૧.૨ ડિ.સે. સુધી પહોંચી જતા વસાહતીઓએ તીવ્ર ઠંડીનો અહેસાસ કર્યો હતો.

ઉત્તર ભારતમાં ગાત્રો થીજાવી દેતી કાતિલ ઠંડી પડી રહી છે. દિલ્હી સહિતના કેટલાક ભાગોનું તાપમાન ૧૦ ડિગ્રીથી પણ નીચે પહોંચી ગયું છે. ઉત્તર ભારતમાં પડી રહેલી કાતિલ ઠંડીની સીધી અસર ગાંધીનગર પર પણ પડી છે. લઘુત્તમ તાપમાન ત્રણ ડિગ્રી જેટલું ઘટીને ૧૧.૨ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. ઠંડા પવનોના કારણે વસાહતીઓએ ઘરમાં પુરાઈ રહેવાનું પસંદ કર્યું હતું. દિવસે તડકો નીકળ્યા બાદ વસાહતીઓએ તડકામાં બેસી ઠંડી ઉડાડવાનો પ્રયાસ કર્યો હતો.

ઠંડીની અસર બજારો પર જોવા મળી હતી. રજાનો દિવસ હોવા છતાં શહેરના માર્ગો સુર્યાસ્ત થતાં જ સુમસામ બની ગયા હતા. ઘરની બહાર નીકળવાના બદલે વસાહતીઓએ ઘરમાં જ પુરાઈ રહેવાનું વધુ પસંદ કર્યુ હતું. મહત્તમ તાપમાન ૨૯.૦ ડિગ્રી રહ્યું હતું.

જાહેર આભાર

શ્રી મહેન્દ્રસિંહ કચરસિંહ બારિયા (એડવોકેટ)

લિ. આપનો જ,

શ્રી મહેન્દ્રસિંહ કચરસિંહ બારિયા (એડવોકેટ)

ધારાસભ્યશ્રી, ૩૩ પ્રાંતિજ વિધાનસભા

દિલ્હીમાં બનેલી બળાત્કારની ઘૃણાસ્પદ ઘટનાના વિરોધમાં ગાંધીનગર ખાતે ઘ-૦થી ઘ-૩ સુધી મૌન રેલી યોજવામાં આવી હતી. તેમાં જુદી જુદી શાળા અને કૉલેજના વિદ્યાર્થીઓ તેમજ ગાંધીનગર સ્વૈચ્છિક સંસ્થાનાં બાળકો દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. આ રેલીમાં ૫૦૦ જેટલા યુવાનો જોડાયા હતા. (તસવીર : દિપક જાની)

સચિવાલય સંકુલમાં નવું હેલિપેડ બનાવાયું

ગાંધીનગર, તા.૨૫

સચિવાલય સંકુલમાં હેલિપેડ બનાવાયું નવા બનાવાયેલ હેલિપેડ નિર્માણની તમામ કામગીરી પૂર્ણ થઈ જવા આવી છે અને સપ્તાહમાં જ તેનું ટેસ્ટીંગ કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

ગાંધીનગરમાં આ ત્રીજું હેલીપેડ બનાવવામાં આવ્યું છે. અગાઉ ૧૯૮૫-૮૬માં સ્વ. રાજીવ ગાંધી પંચાયતની રેલી સંબોધવા આવ્યા ત્યારે સે-૫માં એક કામચલાઉ હેલિપેડ બનાવવામાં આવ્યું હતું.

આ પછી સે-૧૭માં વિધાનસભાની પાછળના ભાગમાં હેલિપેડ બનાવવામાં આવ્યું હતું.

હાલ સે-૧૭માં જે હેલિપેડ છે ત્યાં વાયબ્રન્ટ સમિટ માટે સેમિનાર અને એકઝીબીશનના માટે સમિયાણા ઉભા કરાયા છે ત્યારે ગાંધીનગરમાં વધુ એક હેલિપેડ વિધાનસભાની પાછળની જગ્યા પર બનાવવામાં આવ્યું છે.

સંપૂર્ણ આર.સી.સી. વર્ક ધરાવતું આ હેલિપેડ વી.વી.આઈ.પી. માટે જ ઉપયોગમાં લેવાશે. અગાઉ હેલિપેડ બનાવવાની વિચારણા રાજભવન નજીક બનાવવા માટેની હતી પરંતુ સરકારે હાલ તુરંત સચિવાલય અને વિધાનસભાની પાછળના ભાગમાં આ હેલિપેડ બનાવ્યું છે.

અહીં એક હેલિકોપ્ટર આરામથી પાર્ક કરી શકાશે. આ હેલિપેડની કામગીરી હાલ પૂરજોશમાં છે અને તે લગભગ બે થી ત્રણ દિવસમાં પૂર્ણ થઈ જતાં તેનું ટેસ્ટીંગ કરવામાં આવશે.

પ્રદેશ આગેવાનોએ રાજયપાલને પક્ષના નેતા તરીકે નરેન્દ્ર મોદીની વરણીનો પત્ર સોંપ્યો

પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુની આગેવાની હેઠળના પ્રતિનિધિ મંડળે રાજ્યપાલની લીધેલી મુલાકાત

ગાંધીનગર, તા.૨૫

ભાજપ વિધાનસભા પક્ષના નેતાની પસંદગી કરવામાં આવ્યા બાદ પ્રદેશ અધ્યક્ષ અને પ્રદેશ આગેવાનોએ નરેન્દ્ર મોદીની સર્વાનુમતે વરણી કરતો પત્ર રાજયપાલશ્રીને સુપરત કરીને સરકાર રચવાનો દાવો રજુ કર્યો હતો.

વિધાનસભા ચૂંટણીમાં ભાજપને ભવ્ય વિજય મળ્યા બાદ આજે ગાંધીનગર ખાતે ભાજપ વિધાનસભા પક્ષની બેઠક મળી હતી. આ બેઠકમાં સર્વાનુમતે ભાજપ વિધાનસભા પક્ષના નેતા તરીકે નરેન્દ્ર મોદીની વરણી કરવામાં આવી હતી.

પક્ષના નેતા તરીકે નરેન્દ્ર મોદીની વરણી કરવામાં આવ્યા બાદ ભાજપના પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુ, ભાજપના રાષ્ટ્રીય ઉપપ્રમુખ પુરુષોત્તમ રૂપાલા, પ્રદેશ અગ્રણી વિજયભાઈ રૂપાણી અને પ્રદીપસિંહ જાડેજાએ રાજયપાલની મુલાકાત લઈને ભાજપ વિધાનસભા પક્ષના નેતા તરીકે નરેન્દ્ર મોદીની સર્વાનુમતે વરણી કરતો પત્ર સુપરત કરીને સરકાર રચવાનો દાવો રજુ કર્યો હતો.

ગુજરાતમાં મોદીનું મજબૂત નેતૃત્વ એ ભાજપનું સૌભાગ્ય : અરૂણ જેટલી

દેશભરમાં ગુજરાતને વિકાસના રોડ મોડલ તરીકે જોવાય છે

અમદાવાદ, તા. ૨૫

રાજ્યસભા વિરોધપક્ષના નેતા અને ભાજપના સાંસદ અરૂણ જેટલીએ આજે જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીના ઈતિહાસની આ એક પ્રથમ ઘટના છે. જ્યારે સતત ચોથીવાર મુખ્યમંત્રી તરીકે આરૂઢ થવાનો શ્રેય એક માત્ર નરેન્દ્ર મોદીને જ મળે છે. આજે દેશભરના ભાજપના કાર્યકરો ગુજરાતની સરકારને અને રાજ્યના વિકાસના રોલ મોડલ તરીકે જુએ છે.

અમારા પક્ષનું પણ એ સૌભાગ્ય છે કે ગુજરાતમાં અમને એક એવું મજબૂત નેતૃત્વ મળ્યું છે કે જેનો સામનો અમારા પ્રતિસ્પર્ધી પણ નથી કરી શકયા. ભાજપ વિધાનસભા પક્ષના નેતા તરીકે નરેન્દ્ર મોદીની સર્વાનુમતે વરણી થયા બાદ કાર્યકરો, ધારાસભ્યો તથા આગેવાનોથી ખીચોખીચ ભરેલા ટાઉનહોલમાં સંબોધન કરતા અરૂણ જેટલીએ વધુમાં જણાવ્યું હતું કે ગુજરાત જ એક માત્ર એવું રાજ્ય છે કે જ્યાં ચૂંટણી દરમિયાન ભાજપના કાર્યક્રમો રજૂઆત કરવા દિલ્હી દોડી જતા નથી એટલું જ નહીં પરંતુ ચૂંટણીમાં ભાજપના ભવ્ય વિજય પાછળ ગુજરાતના મતદારોમાં સાચું શું અને ખોટું શું તેનો નિર્ણય કરવાની પૂરેપૂરી ક્ષમતા રહેલી છે. અમારી સરકાર ઉપર ઉદ્યોગપતિઓ માટે કામ કરે છે તેવા આક્ષેપો થયા હતા પરંતુ સમાજના દરેક વર્ગના મતદારોએ ભાજપને મત આપ્યા છે જે દર્શાવે છે કે મતદારોમાં સારા નરસાનો ભેદ પારખવાની પુરી ક્ષમતા છે. અરૂણ જેટલીએ અટલ બિહારી વાજપેયીને તેમના જન્મ દિને વંદન કરતા જણાવ્યું હતું કે, વાજપેયીના અથાગ પરિશ્રમથી આજે દેશમાં ભાજપ આ સ્થાને ઉભું છે. ગુજરાતમાં પાંચ-પાંચ વાર ચૂંટણીમાં ભાજપનો વિજય થાય અને રાજ્ય સરકાર વિરૂદ્ધ પ્રજાનો મત ઉભો ન થાય તે ભાજપ અને પ્રજા વચ્ચે સુંદર તાલમેલ અને સરકાર દ્વારા થતા પ્રજાલક્ષી કાર્યોની સાક્ષી પુરે છે.

દિલ્હી ગેંગ રેપના વિરોધમાં ગાંધીનગરમાં વિરોધ પ્રદર્શન વિદ્યાર્થીઓની મૌન રેલી

શાળા-કૉલેજના ૨૫૦૦થી વધુ યુવક-યુવતિઓએ મૌન રેલી યોજી કેન્ડલ લાઈટ અને કાળા વાવટા ફરકાવ્યા

ગાંધીનગર, તા. ૨૫

દિલ્હીમાં બનેલી બળાત્કારની ઘૃણાસ્પદ ઘટનાના વિરોધમાં ગાંધીનગર ખાતે ઘ-૦થી ઘ-૩ સુધી મૌન રેલી યોજવામાં આવી હતી. તેમાં જુદી જુદી શાળા અને કૉલેજના વિદ્યાર્થીઓ તેમજ ગાંધીનગર સ્વૈચ્છિક સંસ્થાનાં બાળકો દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો.

આ રેલીમાં ૫૦૦ જેટલા યુવાનો જોડાયા હતા. તેમણે કાળી પટ્ટી તેમજ કાળા વાવટા સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ રેલીનું પ્રસ્થાન ગાંધીનગર ઉત્તર વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય અશોક પટેલ દ્વારા કરાવવામાં આવ્યું હતું.

રેલીમાં જોડાયેલા યુવાનોને તેમની માગણી બાબતે પૂછતાં ડીપીએસ સ્કૂલના વિદ્યાર્થીઓ પાવક, રાહુલ, આકાશે જણાવ્યું હતું કે બળાત્કારીઓને સખતમાં સખત સજા થવી જોઈએ. એસ કે પટેલ કૉલેજના બીસીએની વિદ્યાર્થીની છાયા, ધ્વનિએ જણાવ્યું હતું કે બળાત્કારીઓને ફાંસી તેમજ સંવિધાનમાં ફેરફાર કરી કડકમાં કડક સજા તેમ જણાવ્યું હતું.

આ સર્વ વિદ્યાર્થીઓ ફેસબૂક, એસએમએસ અને ઈ-મેલના આધારે મેસેજ મળતાં એકત્ર થયા હતા.

તા. 1.1.2013 થી નવી ફી લાગુ!

8000+ જગ્યાઓ! (ગુજરાત સરકાર)

સબ રજીસ્ટ્રાર

કલાર્ક | તલાટી

કોન્સ્ટેબલ

KNOWLEDGE VALLEY

માસ્ટર કોર્ષ-2013

₹14,000/- (F) ₹16,000/- (M)

ગાંધીનગર	24.12.2012	3.30 થી 6.00	શનિ / રવિ
મહેસાણા	27.12.2012	4.00 થી 5.30	સોમ થી ગુરુ

KNOWLEDGE VALLEY

TCCI EDUCATION PVT. LTD.

HELPLINE NUMBER : 9898924329, 9327714888

GPSC CLASS 1/2 1350*

તા. 1.1.13 થી નવી ફી લાગુ થશે!

KNOWLEDGE VALLEY

મુખ્યમંત્રીનું સન્માન કરતાં ગાંધીનગરના ધારાસભ્ય અશોક પટેલ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર ખાતે ભાજપ વિધાનસભા પક્ષની મળેલી બેઠકમાં ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને પુષ્પગુચ્છ અર્પણ કરીને સ્વાગત કર્યું હતું.

જ્યારે ભાજપના ગાંધીનગર દક્ષિણ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય શંભુજી ઠાકોરે ભાજપના રાષ્ટ્રીય ઉપપ્રમુખ પુરુષોત્તમ રૂપાલાને પુષ્પગુચ્છ અર્પણ કરીને સ્વાગત કર્યું હતું.

સહકારી આગેવાન એલ કે વાઘેલાના પિતા શ્રી કિશોરસિંહનું અવસાન

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર નાગરિક કો-ઓપરેટિવ બેન્કના ડિરેક્ટર શ્રી એલ કે વાઘેલાના પિતા શ્રી કિશોરસિંહ વાઘેલા (પેથાપુરવાળા)નું આજે મોડી સાંજે નિધન થયું છે. સદ્‌ગતની અંતિમ યાત્રા તા. ૨૬ ડિસેમ્બર ને બુધવારે સવારે ૭ કલાકે તેમના નિવાસસ્થાન - ૬૩૭/એ-૧, સેક્ટર-૩૦, ગાંધીનગર ખાતેથી નીકળશે.

હાર્દિક અભિનંદન



માન. શ્રી નરેન્દ્રભાઈ મોદી



માન. શ્રી અશોકભાઈ આર. પટેલ

ગાંધીનગર જીલ્લાના સહકારી સંઘના બોર્ડ ઓફ ડીરેક્ટરશ્રી અશોકકુમાર આર. પટેલ ગાંધીનગર (ઉત્તર)ના ધારાસભ્ય તરીકે ચુંટાવા બદલ ખૂબ ખૂબ અભિનંદન. ઉત્તરોત્તર પ્રગતિના શીખરો સર કરો તેવી શુભકામનાઓ....

દશરથભાઈ સી. અમીન — ઉપાધ્યક્ષ

કોદરભાઈ આર. પટેલ — અધ્યક્ષ

નવિનભાઈ જે. પટેલ — માનદ મંત્રી

બેચરભાઈ જી. ચૌધરી — માનદ મંત્રી

વિસાભાઈ સી. પટેલ — એકઝીક્યુટીવ ઓફીસર

સમગ્ર બોર્ડ ઓફ ડીરેક્ટરશ્રીઓ તથા સ્ટાફ પરિવાર

ગાંધીનગર જિલ્લા સહકારી સંઘ

જાહેર આભાર

રાજેન્દ્રસિંહ શિવસિંહ ઠાકોર

મોડાસા વિધાનસભા મત વિસ્તારમાં કોંગ્રેસના ઉમેદવાર તરીકે આપે મને સ્વીકારી જંગી બહુમતીથી વિજય અપાવ્યો છે તે બદલ મોડાસા, ધનસુરા તાલુકાના તમામ મતદાર ભાઈ-બહેનોનો હું હૃદયપૂર્વક આભાર માનુ છું. મારા વિજયનો યશ મતદારો તથા મારા કાર્યકર વડીલો, મિત્રો, મારા પિતાશ્રી, મારા ધર્મપત્ની અને પરિવારનો છે. પ્રજાના પ્રશ્નો માટે હું સજાગ રહીશ તેની ખાતરી આપું છું. મારા સ્વર્ગસ્થ કાકા ચંદુસિંહ ઠાકોરની ધારાસભ્ય તરીકેની સેવા બાદ મારા પરિવારમાં કોંગ્રેસ પાર્ટીએ મને તક આપી તે બદલ હું પ્રદેશ કોંગ્રેસનો આભાર માનું છું.

લિ. આપનો વિશ્વાસુ

રાજેન્દ્રસિંહ શિવસિંહ ઠાકોર

ધારાસભ્ય મોડાસા વિધાનસભા મતવિસ્તાર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com